# 11th Round of Foreign Office Consultations between India and South Africa

# ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે વિદેશ કચેરીનાં પરામર્શોનો 11મો રાઉન્ડ

03 ઓગસ્ટ, 2022

ભારત-દક્ષિણ આફ્રિકા વિદેશ કચેરીનાં પરામર્શોનું 11મું સત્ર નવી દિલ્હીમાં 03 ઓગસ્ટ 2022 નાં રોજ યોજવામાં આવ્યું હતું. આ પરામર્શોની સહ-અધ્યક્ષતા ભારતનાં વિદેશ મંત્રાલયનાં સંયુક્ત સચિવ (પૂર્વ અને દક્ષિણ આફ્રિકા) શ્રી પુનિત આર. કુંડળ અને દક્ષિણ આફ્રિકા ગણરાજ્યનાં આંતરરાષ્ટ્રીય સંબંધો અને સહકાર વિભાગનાં એશિયા અને મધ્યપૂર્વનાં કાર્યકારી ઉપ મહાનિર્દેશક શ્રીમતિ ટોમ્બઝિોડવા સુતુકાઝી લાલી દ્વારા કરવામાં આવી હતી.

2. બન્ને પક્ષોએ રાજકીય આદાનપ્રદાનો, સંરક્ષણ, આર્થિક અને વાણિજ્યીક મુદ્દાઓ, રાજદ્વારી બાબતો, કૃષિ, આરોગ્ય, ઊર્જા અને ખનીજોનાં ક્ષેત્રોમાં સહકાર, માનવ સંસાધન વિકાસ, કલા, સંસ્કૃતિ, ખેલકૂદ અને ભારતમાં પુનઃસ્થાપન માટે દક્ષિણ આફ્રિકાથી ચિત્તાની આયાત આવરી લેતા દ્વિપક્ષીય સંબંધોનાં સમગ્ર પટલની સમીક્ષા કરી હતી. બન્ને પક્ષોએ વાટાઘાટો હેઠળ રહેલા એમઓયુ/ સમજૂતિઓની સ્થિતિની પણ સમીક્ષા કરી હતી અને બન્ને દેશોનાં પરસ્પરનાં લાભ માટે તેઓને અંતિમ સ્વરૂપ આપવાનું ઝડપી બનાવવા સંમત થયા હતા. બન્ને દેશો વચ્ચે 30 વર્ષનાં જોડાણો આગામી સમયમાં પૂર્ણ થવાને દ્રષ્ટિમાં રાખતા, તેવું નક્કી કરવામાં આવ્યું હતું કે સાંસ્કૃતિક અને ખેલકૂતની ઈવેન્ટ્સ અને અન્ય પ્રવૃત્તિઓ મારફત ભારત અને દક્ષિણ આફ્રિકામાં યોગ્ય રીતે આ પ્રસંગની ઉજવણી કરવામાં આવે.

3. બન્ને પક્ષોએ દ્વિપક્ષીય વ્યાપારમાં થયેલી વૃદ્ધિ પર સંતોષ વ્યક્ત કર્યો હતો જે વર્ષ 2021-22 માં 17 અબજ યુએસ ડોલર સુધી પહોંચ્યો હતો અને તેઓનાં વ્યાપારમાં વધારે વૈવિધ્યતા લાવવાની અગત્યતા પર સંમત થયા હતા.

4. બન્ને પક્ષોએ સંયુક્ત રાષ્ટ્ર, બ્રિક્સ, આઈબીએસએ અને આઓઆરએ ખાતે સહકાર સહિત પ્રાંતિય અને બહુપક્ષિય મુદ્દાઓ પર પણ દ્રષ્ટિકોણોનું આદાનપ્રદાન કર્યું હતું. દક્ષિણ આફ્રિકન પક્ષ દ્વારા આગામી ભારતની જી20 અધ્યક્ષતા માટે સમર્થન આપવાની ખાતરી આપી હતી જ્યારે ભારતીય પક્ષે 2023 માં દક્ષિણ આફ્રિકાની બ્રિક્સની અધ્યક્ષતા માટે સમર્થન આપવાનું વ્યક્ત કર્યું હતું. બન્ને પક્ષોએ યુક્રેનમાં પરિસ્થિતિ સહિત પ્રાંતિય મુદ્દાઓ, વૈશ્વિક વિકાસો અને સામાન્ય હિતનાં મુદ્દાઓની પણ ચર્ચા કરી હતી.

5. બન્ને પક્ષો દ્વિપક્ષીય સંબંધોમાં વેગ જાળવી રાખવા માટે ઉચ્ચ સ્તરીય આદાનપ્રદાનો અને સંયુક્ત કમિશન અને વિવિધ સંયુક્ત કાર્યકારી જૂથો જેવી સંસ્થાગત યંત્રણાઓની નિયમિત મીટિંગો ચાલું રાખવા સંમત થયા હતા. ભારતીય પક્ષે પણ ઈન્ટરનેશનલ સોલર એલાયન્સ અને કોઅલિશન ફોર ડિઝાસ્ટર રેઝિલિયન્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં જોડાવા માટે દક્ષિણ આફ્રિકાને આપેલા આમંત્રણનું પુનઃઉચ્ચારણ કર્યું હતું.

6. આ વાર્તાલાપો મૈત્રીપૂર્ણ અને સૌહાર્દપૂર્ણ વાતાવરણમાં યોજવામાં આવી હતી. બન્ને પક્ષો પ્રીટોરિયામાં પરસ્પર સાનુકૂળ તારીખે પરામર્શોનો આગામી રાઉન્ડ યોજવા સંમત થયા હતા.

**નવી દિલ્હી**
**03 ઓગસ્ટ, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.